C.C.NO-2338-2021 ORDER BELOW-EXH-70

(૧) સદરહું કામે આરોપી તફે હાલની અરજી આપી જણાવેલછેકે, તેઓ છેલ્લા બે વર્ષ થી કોર્ટ મા હાજર રહેછે. અને ફરીયાદી ખુબ માથાભારે છે અને ગુનાહીત માનસ ધરાવેછે અને અને તેઓને વાલીયા જયારે હાજર થાયછે ત્યારે તેઓ ને જાનનુ જોખમ રહેલછે. અને ધોલ ધાપટ પણ અનેકવાર કરીલેછે. પરતું તેઓ ફરીયાદી અને તેઓની સાગરીતોની માફી માગેછે અને તેઓની પૈસાની ખોટી રીતે ઉઘરાણી કરેછે અને આથી અમોને કેસ પતાવી દેવાની મૌખીક કબુલાત લઈ જવા દે છે. અને જેથી તેઓને જાનનુ પણ જોખમછે અને તેઓએ અગાઉ સને-૨૦૨૨ મા પણ કરજણ પોલીસ સ્ટેશનમા અરજી આપેલ હતી અને ફરીયાદ કરેલ હતી અને વધુમા તેઓ નિ:શસ્ત્ર વચ્કત હોઈ જેથી તેઓને આ કામે કાયમી હાજર રહેવામાથી મુકતી આપવા અરજ કરેલછે. અને તેઓ જયારે નામાદર કોર્ટ અથવા જરૂર પડે હાજર રહેવા ખાત્રી અને બાહેધરી આપેલ છે અને જે બાબતે હાલની અરજી મંજુર કરવા દલીલો પણ તેઓના વિ.વ.શ્રી એસ.પી.સોની એ કરેલછે.

(૨) આ બાબતે સામે પક્ષે એટલેકે, ફરીયાદ પક્ષ તફે આંક-૭૧ થી લેખીત જવાબ આપેલછે અને જણાવેલછેકે, આરોપી ની અરજી શુધ્ધબુધ્ધી ની ન હોય જેથી આરોપીની અરજી ચાલવાપાત્ર નથી. વધુમાં જણાવેલછેકે, હાલની ફરયાદ ચેક બાઉન્સ ની છે અને તેઓના ફરીયાદીની ઉલટ તપાસ પણ થયેલછે અને ફરીયાદીના વધુ પુરાવા પર ચાલછે. અને વધુમા આરોપી કેસ આગળ ચાલવા દેતા નથી અને તેઓની વિ.વ.શ્રી મારફતે પણ હાજર રહેલા નથી. અને હાલની અરજી ફરીયાદી ને પ્રેજયુડાઈસ થાય તેવા બદ આશય થી કરવામાં આવેલછે. અને ફરીયાદી વેપારી ઈસમ છે અને કામ ધંધો કરેછે અને તેઓને આરોપી સામે કોઈ રાગધ્વેસ નથી. અને ફરીયાદી સામે આરોપીએ પોલીસમા એફ.આઈ.આર પણ લખાવેલ નથી. વધુમાં આરોપીને ગાળો આપેલ હોય કે અપશબ્દો બોલેલા હોય તેવુ બનેલ નથી. અને નામદાર અદાલત સમક્ષ પણ આરોપીએ આવી હકીકત કહેલ નથી. અને આરોપી વાંરવાર કોર્ટમા હાજર નહી રહેતા જામીન ની શરતોનો ભંગ કરેલછે અને નામાદર કોર્ટમા હાજર રહેવામાથી મુકતી અરજી નામંજુર કરવા વિંનતી કરેલછે. અને વધુમા અને ખોટા આક્ષેપો કરેલાછે. અને આક્ષેપો ડીલીટ કરીને નવેસરથી અરજી આપવા જણાવેલછે અને જો ન આપે તો હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા વિ.વ.શ્રી જે.એમ.ભરથાણીયાએ દલીલો કરેલછે.

C.C.NO-2338-2021 ORDER BELOW-EXH-70

(૩) આમ ઉપરોકત ઉભય પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી તેમજ કેસ ની હકીકત જોતા આરોપી ઘણી વખત મુદતો હાજર રહેલા નથી અને વૉરંટ પણ કાઢવામા આવેલછે અને તેઓને નામદાર સેસન્સ કોર્ટના હુકમ મુજબ જામીન રજુ કરેલા છે અને નવા જામીન પણ આપેલા છે તે પણ એક હકીકત છે વધુમાં ફરીયાદી માથાભારે અને ગુનાહીત માનસ બાબતે એવો કોઈ અરજી સાથે પુરાવો પણ રજુ કરેલ નથી અને ફરીયાદ બાબેત કોઈ હીકકત રજુ કરેલ તે પણ રેકર્ડ પરથી માલુમ પડેલછે. અને એવી રેકર્ડ પર કોઈ આરોપીએ ફરીયાદી સામે ફરીયાદ નોધાવેલી હોય કે નામદાર કોર્ટમાં કોઈ અરજી આપેલ હોય તેવુ પણ નથી. પરતુ હવે સી.આર.પી.સી ની કલમ-૨૦૫ પણ અત્રેની અદાલતે ધ્યાને લીધી. વધુમાં હાલની અરજીમા તેઓના વિ.વ.શ્રી જણાવેછેકે, તેઓ દરમુદતે હાજર રહીને કેસ ચલાવશે અને આરોપીની જ્યારે હાજરી ની જરૂર હશે તે વખેત હાજર રાખશે અને જેથી આમ કેસનાં સંજોગો અને હકીકતો ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવછે.

હુકમ

૧. સદરહુ આરોપીની હાલની સી.આર.પી.સી ની કલમ-૨૦૫ મુજબ કાયમી મુકતી ની અરજી મંજુર કરવામાં આવછે.

૨. વધુમાં દર મુદતે તેઓના વિ.વ.શ્રી એ હાજર રહીને યોગ્ય કારણ સિવાય કેસ ચલાવવામાંથી મુકતી માગવી નહી અન્યથા આ બાબતે કાયદેસરનો હુકમ કરવામાં આવશે.

૩. આરોપી ની જ્યારે હાજરી ની જરૂર જણાય ત્યારે વિ.વ.શ્રી એ આરોપીને હાજર રાખવાની સમજ આપેલછે.

(હીતેષકુમાર રસીકલાલ ઠકકર)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ્ર કલાસ, વાલીયા
યુનીક જજ કોડ-જી.જે.૦૧૪૪૮

સ્થળ-વાલીયા
તા.૧૯/૭/૨૦૨૪